ગાંધીનગર સમાચાર

આજે મથુરામાં નરેન્દ્ર મોદીની વિશાળ રેલી

એનડીએ સરકારની પ્રથમ વર્ષની પૂર્ણાહૂતિની ઉજવણી આજથી શરૂ : મજબૂત સુરક્ષા : એનડીએ સરકારની પ્રથમ વર્ષની પૂર્ણાહૂતિની ઉજવણી આજથી શરૂ : મોદીની મથુરા રેલીમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડે તેવી શક્યતા : મોદી સાથે ભાજપના તમામ ટોપ નેતાઓ રહેશે : મથુરા લશ્કરી છાવણીમાં ફેરવાયું

મથુરા, તા. ૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે મથુરામાં વિશાળ રેલી યોજનાર છે. જેને લઈને સમગ્ર મથુરામાં અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મારી નાંખવાની ધમકી મળ્યા બાદ સુરક્ષા સંસ્થાઓ અને જિલ્લા વહીવટીતંત્ર સામે નવા પડકારો ઉભા થઇ ગયા છે. મોદીની રેલી તરફ દોરી જતા તમામ માર્ગો પર ખા સુરક્ષા ગોઠવી દેવામાં આવી છે. મોદીને ધમકીભર્યો સંદેશો મળ્યા બાદ સુરક્ષા સંસ્થાઓ દ્વારા ઝડપી સુરક્ષા પગલા લેવામાં આવ્યા છે અને તકેદારી વધારી દેવામાં આવી છે. પોલીસ અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ઉત્તરપ્રદેશ પોલીસે વોટ્સએપ મેસેજ મોકલનાર વ્યક્તિની ઓળખ કરી લેવામાં આવી છે. સાથે સાથે તેના ભાઈને કસ્ટડીમાં લઇ લેવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૦મી મેના દિવસે કેટલાક પોલીસ અધિકારીઓને સંદેશો મળ્યો હતો કે, નરેન્દ્ર મોદીને ટાર્ગેટ બનાવી શકાય છે. જે મોબાઇલ નંબરથી ધમકી ભર્યો સંદેશ મોકલવામાં આવ્યો હતો તે નંબરને હવે ચકાસણી હેઠળ લઇ લેવામાં આવ્યો છે. એસએસપી રાકેશ સિંહનું કહેવું છે કે, આ સંદેશો મોકલનારની ઓળખ રામવીર તરીકે કરાઈ છે જે નવલી ગામનો નિવાસી છે. સીટી પોલીસની ટુકડી તેને પકડી પાડવા માટે સક્રિય થઇ ચુકી છે. જ્યારે તેના ભાઈ લક્ષ્મણસિંહને કસ્ટડીમાં લઈને પુછપરછ કરવામાં આવી રહી છે. રામવીરે આ સંદેશો મિડિયા લોકો સહિત કેટલાક લોકોને મોકલ્યો હતો. જિલ્લા મેજિસ્ટ્રેટ રાજેશકુમારનું કહેવું છે કે, રામવીર આ પ્રકારના મેસેજો અગાઉ પણ અનેક વખત ઘણા લોકોને મોકલી ચુક્યો છે. રામવીરે બનાવટી નામ હેઠળ સિમકાર્ડ ખરીદ્યું હતું. તેની સામે આઈપીસીની જુદી જુદી કલમો હેઠળ કેસ દાખલ કરવામાં આવનાર છે.

બીજી બાજુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર આવતીકાલે ૨૫મી મેના દિવસે સરકારના પ્રથમ વર્ષની ઉજવણીની શરૂઆત કરનાર છે. મોદીની જાહેર રેલી સાથે આની શરૂઆત થશે. મથુરામાં જનસંઘના નેતા દિનદયાળ ઉપાધ્યાયના વતન ગામથી આની ઉજવણી થશે. મોદી ઉપાધ્યાયના જન્મસ્થળ નાગલાચંદ્રભાનથી વિશેષ અને ખાસ રેલીને સંબોધશે. વડાપ્રધાનની રેલીને લઈને સાવચેતીના તમામ પગલા લેવામાં આવી ચુક્યા છે.

પ્રાપ્ત અહેવાલ મુજબ મોદી ઉપરાંત આ રેલીમાં ભાજપના તમામ વરિષ્ઠ નેતાઓ ઉપસ્થિત રહેશે જેમાં ભાજપ પ્રમુખ અમિત શાહનો પણ સમાવેશ થાય છે. રેલીને સફળ બનાવવા માટે ભાજપના કાર્યકરો અને વરિષ્ટ નેતાઓ ઘણા દિવસથી લાગેલા છે.

ડોન દાઉદ, હાફિઝ અને લખવીની સંપત્તિ ફ્રીઝ કરવા ભારતનું દબાણ

પાકિસ્તાન પર આંતરરાષ્ટ્રીય સમુદાય વતી પણ દબાણ લવાશે : સંયુક્ત રાષ્ટ્રની આતંકવાદીઓની યાદીમાં તમામ ત્રણેયનો સમાવેશ કરાયા બાદ હવે ભારત આક્રમક : પાકિસ્તાનની ચિંતામાં ટૂંક સમયમાં વધારો થશે

નવીદિલ્હી, તા. ૨૪

કેન્દ્રમાં વડાપ્રધાન નરેન્દ્ર

મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર હવે ખતરનાક ગેંગસ્ટરો અને ત્રાસવાદીઓના મામલે પાકિસ્તાન પર તીવ્ર દબાણ લાવવા માટે કમર કસી ચુકી છે. જેના ભાગરૂપે મોદી સરકાર હવે મુંબઈ સિરિયલ બોમ્બ બ્લાસ્ટના ફરાર ભાગેડુ શખ્સ અને અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમ, મોસ્ટ વોન્ટેડ ત્રાસવાદીઓ હાફીઝ સઈદ અને જાકીઉર રહેમાન લખવીની સંપત્તિ ફ્રીજ કરવા પાકિસ્તાનને અપીલ કરનાર છે. કારણ કે આ ત્રણેય કુખ્યાત શખ્સો સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની અલકાયદા પ્રતિબંધ યાદીમાં સામેલ છે. જેના ભાગરૂપે પાકિસ્તાન પર તીવ્ર દબાણ લાવવામાં આવનાર છે.

સંયુક્ત રાષ્ટ્રની અલકાયદા અને તાલિબાન પ્રતિબંધ સમિતીએ જે ત્રાસવાદીઓ અને ગેંગસ્ટરોને પ્રતિબંધ હેઠળની યાદીમાં મુક્યા છે તેમાં દાઉદ, લશ્કરે તોયબાના સ્થાપક હાફીઝ સઈદ અને મુંબઈ હુમલાના માસ્ટર માઈન્ડ અને કાવતરાખોર લખવીનો સમાવેશ થાય છે.

સંયુક્ત રાષ્ટ્રના એક સભ્ય દેશ તરીકે તેમની સંપત્તિ જપ્ત કરવાની પાકિસ્તાનની જવાબદારી છે. તે આ જવાબદારીથી બચી શકે નહી. એક સરકારી અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે આ સંબંધમાં પાકિસ્તાનને એક વિધિવત અપીલ મોકલવામાં આવનાર છે. ત્રણેય ખતરનાક શખ્સોની સંપત્તિ જપ્ત કરવામાં આવી છે કે કેમ તે અંગે માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે. જો પાકિસ્તાન તરત કાર્યવાહી નહી કરે તો સરકાર વધારે દબાણ લાવશે.

પાકિસ્તાને ત્રાસવાદને રોકવા ગંભીરતાપૂર્વક પગલા લેવા જોઈએ..

- રાજનાથ

નવીદિલ્હી,તા. ૨૪

કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે આજે કહ્યું હતું કે, આતંકવાદને રોકવામાં મદદ કરવા પાકિસ્તાનને સાફ શબ્દોમાં કહેવામાં આવશે. તેમણે વધુમાં કહ્યું હતું કે, અમારી સરકાર ત્રાસવાદને રોકવા તમામ જરૂરી પગલા લઈ રહી છે. પાકિસ્તાનની ઝાટકણી કાઢતા રાજનાથસિંહે કહ્યું હતું કે, માત્ર ભારત જ નહીં સમગ્ર વિશ્વ જાણે છે કે, આતંકવાદ માટે જવાબદાર કોણ છે. ત્રાસવાદને રોકવા પાકિસ્તાનને અમે અપીલ કરી ચુક્યા છે. પાકિસ્તાનની જમીન ઉપર હાલમાં થયેલા આતંકવાદી હુમલાની યાદ અપાવતા રાજનાથસિંહે કહ્યું હતું કે, પાકિસ્તાનને વધારે ગંભીર બનવાની જરૂર છે અને ત્રાસવાદને રોકવામાં મદદરુપ થવાની પણ જરૂર છે. કારમ કે, તેઓ પોતે પણ ત્રાસવાદના દૂષણથી ગ્રસ્ત છે.

એલજીની સાથે ટસલ પ્રશ્ને કેજરીવાલને ઓમરનો ટેકો

સિદ્ધાંતોના આધાર પર કેજરીવાલને ટેકો : એલજીને મતદારો ચૂંટતા નથી જેથી બહુમતિ ધરાવનાર વ્યક્તિને કામ કરવાની સ્વતંત્રતા હોવી જોઇએ : ઓમર

નવીદિલ્હી,તા. ૨૪

જમ્મુ કાશ્મીરના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ આજે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને દિલ્હીના એમજી સાથે ચાલી રહેલી ખેંચતાણના મુદ્દે ટેકો આપ્યો હતો. ઓમર અબ્દુલ્લાએ કહ્યું હતું કે, જમ્મુ કાશ્મીરને પણ રાજભવન અને મુખ્યમંત્રી વચ્ચેની ખેંચતાણના કારણે ઘણી કિંમતો ચુકવવી પડી છે.

એલજીની ઓમર અબ્દુલ્લાએ ઝાટકણી કાઢી હતી. ઓમર અબ્દુલ્લાએ કહ્યું હતું કે, સરકાર ચલાવવા માટે કેજરીવાલ સ્પષ્ટ બહુમતિ ધરાવે છે. આવી સ્થિતિમાં તેમને નહીં ચૂંટાયેલા એલજીના બદલે તેમની પસંદગીની ટીમ સાથે કામ કરવાની સ્વતંત્રતા મળવી જોઇએ. ઓમરે એમ પણ



કહ્યું હતું કે, જ્યારે તેઓ રાજ્યના મુખ્યમંત્રી તરીકે હતા ત્યારે પણ આજ પ્રકારની સ્થિતિ જમ્મુ કાશ્મીરમાં ઉભી થઇ હતી. નવી દિલ્હીથી જ જુદા જુદા પ્રકારના આદેશો આવતા હતા. પાછલા બારણેથી સરકાર ચલાવવાના પ્રયાસો કરવામાં આવતા હતા પરંતુ હવે સ્થિતિ બદલાય તે જરૂરી છે. એલજીની ઓફિસથી જ હાલમાં દિલ્હી સરકાર ચાલી રહી હોવાના અભિપ્રાય મળી રહ્યા છે.

જો આ પ્રકારની સ્થિતિ રહે તો શા માટે ચૂંટણી થવી જોઇએ જ્યારે ચૂંટાયેલા મુખ્યમંત્રીને પણ કામ કરવાની સ્વતંત્રતા ન રહે તો ચૂંટણીનો કોઇ મતલબ રહેતો નથી. દિલ્હીમાં એલજીની ચૂંટણી કોઇએ કરી નથી. અબ્દુલ્લાએ અગાઉ પણ કેજરીવાલને ઘણા મુદ્દા ઉપર ટેકો આપ્યો છે. જમ્મુ કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રીનું કહેવું છે કે, કેજરીવાલ સાથે તેઓ કોઇ અંગત સંબંધ ધરાવતા નથી. તેમને એક પણ વખત મળ્યા નથી પરંતુ સિદ્ધાંત ઉપર ટેકો આપી રહ્યા છે.

ગુર્જર આંદોલન પાંચમાં દિવસે યથાવત : જનજીવનને અસર

કિરોડીસિંહ અને અન્યો સામે કેસ દાખલ : સરકાર અને ગુર્જર સમુદાયના પ્રતિનિધિઓ વચ્ચે મંત્રણા ફ્લોપ રહી : મડાગાંઠ અકબંધ

જયપુર,તા. ૨૪

સરકારી નોકરીમાં અનામતના મુદ્દાને લઈને આંદોલન કરી રહેલા ગુર્જર સમુદાયનું આંદોલન આજે પણ ચોથા દિવસે જારી રહ્યું હતું. આંદોલન યતાવતરીતે જારી રહેતા જનજીવનને માઠી અસર થઈ હતી. દરમિયાનમાં પોલીસે ગુર્જર નેતા કિરોડીસિંહ બેનસલા અને અન્ય ૨૦ લોકો સામે કેસ નોંધીને વધુ કાર્યવાહી હાથ ધરી છે. સરકારી નોકરીમાં પાંચ ટકા અનામતની માંગ કરીને ગુર્જર સમુદાયના લોકો દ્વારા આંદોલન કરવામાં આવી રહ્યું છે. ૫૦ ટકાની કાયદાકીય મર્યાદાની અંદર સરકારી નોકરીમાં પાંચ ટકા અનામતની માંગણીને લઈને દેખાવો અકબંધ રહ્યા છે. આજે પણ દેખાવકારોએ નેશનલ હાઈવે-૧૧ ઉપર ચક્કાજામની સ્થિતિ સર્જી હતી. રાજદ્રોહ અને રેલવેની સંપત્તિને નુકસાન પહોંચાડવાનો કેસ દાખલ કરવામાં આવી ચુક્યો છે. ગુર્જર સમુદાય અને રાજસ્થાન સરકારના પ્રતિનિધિઓ વચ્ચે બેઠક યોજાયા બાદ પણ આંદોલન જારી રહ્યું છે. મડાગાંઠ અકબંધ રહી છે. કારણ કે, ગુર્જર નેતાઓએ નક્કર દરખાસ્ત સાથે વાતચીત માટે ન આવવાનો સરકાર ઉપર આક્ષેપ કર્યો છે. બીજી બાજુ આજે પણ ભરતપુર નજીક રેલવે ટ્રેક ઉપર ૫૦૦થી ૭૦૦ લોકો ગોઠવાઈ ગયા હતા જેથી દિલ્હી અને મુંબઈ ટ્રેક ઉપર ટ્રેનની અવરજવરને માઠી અસર થઈ હતી.

ગુર્જર સમુદાયના લોકોએ ગુરુવારના દિવસે તેમના આંદોલનની શરૂઆત કરી હતી તેના લીધે હજુ સુધી અનેક ટ્રેનો રદ કરવામાં આવી ચુકી છે. ઘણી ટ્રેનો ડાયવર્ટ કરવામાં આવી છે. ટ્રેક ઉપર મોટી સંખ્યામાં લોકો બેસી ગયા છે. ટ્રેક ઉપર મહત્તમ લોકો એકત્રિત થવા માટે ગુર્જર નેતાએ સમુદાયના લોકોને અપીલ કરી છે. ગુર્જર આંદોલન આગામી દિવસોમાં પણ યથાવતરીતે આગળ વધી શકે છે. કારણ કે, બંને પક્ષો પોતપોતાના વલણ ઉપર મક્કમ દેખાઈ રહ્યા છે.

કુમાર વિશ્વાસ સામે અંતે FIR દાખલ કરી દેવાઇ

દિલ્હી પોલીસ દ્વારા બે જુદા જુદા કેસ

નવીદિલ્હી,તા. ૨૪

એએપીના નેતા કુમાર વિશ્વાસ અને અન્યો સામે દિલ્હી પોલીસે બે જુદા જુદા કેસો નોંધ્યા છે. ડીસીડબ્લ્યુ પત્રકાર પરિષદમાં તેમના સમર્થકો દ્વારા ખરાબ વર્તનના સંદર્ભમાં અને કુમાર વિશ્વાસ દ્વારા અયોગ્ય ટ્વિટને

લઈને દિલ્હીના મહિલા પંચના વડા બરખા સિંહ દ્વારા કરવામાં આવેલી ફરિયાદના આધાર પર દિલ્હી પોલીસે બે જુદા જુદા કેસો નોંધ્યા છે.

પ્રથમ એફઆઈઆર દક્ષિણ દિલ્હીમાં સફદરજંગ રોડ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવવામાં આવી છે જ્યારે બીજી એફઆઈઆર મધ્ય દિલ્હીના આઈટી એસ્ટેટ પોલીસ સ્ટેશન ખાતે નોંધવામાં આવી છે. બંને એફઆઈઆર વણઓળખાયેલા લોકો સામે દાખલ કરવામાં આવી છે. અલબત્ત વિશ્વાસને પ્રથમ કેસમાં સાક્ષી તરીકે બનાવવામાં આવ્યા હતા. પોલીસનું કહેવું છે કે, બરખાસિંહે ૧૪મી મેના દિવસે લેફ્ટી ગવર્નરનો સંપર્ક કર્યો હતો અને કુમાર વિશ્વાસ સામે પગલા લેવાની રજૂઆત કરી હતી. જુદી જુદી કલમો હેઠળ એફઆઈઆર દાખલ કરાઈ છે.

નેશનલ ઓપ્ટિકલ ફાયબર નેટવર્ક મુદ્દે ૨૯મીએ ચર્ચા

તમામ પંચાયતોને બ્રોડબેન્ડ કનેક્ટિવીટી અપાશે : રાજ્યોના આઈટી પ્રધાનો અને સચિવોની બેઠકમાં વિવિધ પાસાઓ ઉપર ચર્ચા વિચારણા કરાશે

નવી દિલ્હી,તા.૨૪

કેન્દ્ર સરકારે નેશનલ ઓપ્ટિકલ ફાયબર નેટવર્ક પ્રોજેક્ટના મામલે ચર્ચા કરવા માટે ૨૯મી મેના દિવસે રાજ્યોના આઈટી પ્રધાનો અને સંબંધિત રાજ્યોના સચિવોની મહત્વપૂર્ણ બેઠક બોલાવી છે. તમામ પંચાયતોને બ્રોડબેન્ડ કનેક્ટિવિટી ઉપલબ્ધ કરાવવા માટેના ઉદ્દેશ્યથી આ મહત્વકાંક્ષી યોજનામાં ભાગ લેવા રાજ્યોની વધારે ભૂમિકાની માંગ કરવામાં આવી રહી છે. ટેલિકોમ વિભાગમાં સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે નેશનલ ઓપ્ટિલ પાયબર નેટવર્ક પ્રોજેક્ટ પર ચર્ચા કરવા માટે ૨૯મી મેના દિવસે તમામ રાજ્યોના સચિવો અને આઈટી પ્રધાનોની બેઠક બોલાવવામાં આવી છે. ટેલિકોમ પ્રધાન રવિશંકર પ્રસાદે આ બેઠક

બોલાવી છે.પ્રસાદે અગાઉ કહ્યુ હતું કે સરકાર આ પ્રોજેક્ટમાં રાજ્યોની વધુ ભાગીદારી ઇચ્છે છે. ડિજીટલ ઈન્ડિયા અભિયાનને સફળતા મળે તે ખુબ જરૂરી છે. તેમની ભાગીદારી જરૂરી છે. કારણ કે ડિઝીટલ ઈન્ડિયા એક કાર્યક્રમ છે. કેન્દ્ર અને રાજ્ય સરકારો માટે તે ઉપયોગી રહેશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૧મી મેના દિવસે પ્રોજેક્ટની સમીક્ષા કરી હતી. સાથે સાથે પૂર્વ આઇટી સચિવ સત્યનારાયણના નેતૃત્વમાં કમિટી દ્વારા સુપ્રત કરવામાં આવેલા અહેવાલ પર ચર્ચા કરવામાં આવી હતી. મોદીએ પણ પ્રોજેક્ટમાં રાજ્યોની ભાગીદારીને વધારી દેવા પર મુક્યો હતો.

આ પ્રોજેક્ટને ૭૨૭૭૮ કરોડની ફાળવણી સાથે ભારત નેટ નામ આપવામાં આવનાર છે. ટેલિકોમ વિભાગે પ્રોજેક્ટને નવેસરથી હાથ ધરવા માટે મોદી સમક્ષ રજૂઆત કરી હતી. સત્યનારાયણના નેતૃત્વમાં સમિતીએ પ્રોજેક્ટમાં ખાનગી સેક્ટરના સમાવેશથી માંગ કરી હતી.

બેંકિંગ સેક્ટરમાં ભરતીમાં ૨૫ ટકાના વધારાની વકી

નવી દિલ્હી,તા.૨૪

અર્થતંત્રની થઇ રહેલી સતત મજબુત સ્થિતીના કારણે બેકિંગ

સેક્ટરમાં ભરતીમાં ૨૫ ટકા સુધીનો વધારો થવાના સંકેત દેખાઇ રહ્યા છે. નિષ્ણાંતો દ્વારા આ મુજબનો દાવો કરવામાં આવ્યા બાદ સ્થિતી મજબુત બની રહી છે. રોજગારીની શોધમાં રહેલા સામાન્ય લોકોને રાહત મળી શકે છે. ઈન્ડસ્ટ્રીઝ નિષ્ણાંત દ્વારા કહેવામાં આવ્યું છે કે દેશમાં એકદંરે બિઝનેસનો માહોલ સુધરી રહ્યો છે. પીપલ સ્ટ્રોગના સહ સ્થાપક અને સીઇઓ પંકજ બંસલે કહ્યુ છે કે આ વર્ષે બેકિંગ સેક્ટરમાં આશરે ૨૫ ટકા સુધીનો વધારો થઇ શકે છે. ભરતીની પ્રક્રિયા તમામ સ્તરે રહેશે. ખાસ કરીને એન્ટ્રી અને મિડલ લેવલ સ્તર પર ભરતીની પ્રક્રિયા વધારે ઝડપી રહેશે. માર્કેટમાં નવી કંપનીઓ એન્ટ્રી કરી રહી છે જેથી નવી તક આ સેક્ટરમા બજારમાં સર્જાશે.

સિનિયર સ્તરે પણ તક સર્જાઇ રહી છે. તેમણે કહ્યું છે કે બેકિંગ સેક્ટરમાં નવા પ્રાણ ફુંકવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જાણકાર નિષ્ણાંત લોકોનુ કહેવુ છે કે ઈન્વેસ્ટમેન્ટ બેકિંગ, કોર્પોરેટ અને પ્રાઇવેટ બેકિંગ તેમજ એનબીએફસી સ્તરે ભરતીની પ્રક્રિયા તીવ્ર બની શકે છે. કેન્દ્રમાં સ્થિર સરકાર આવ્યા બાદ સ્થિતી મજબુત બની રહી છે.

ભારતમાં ગરમીનો પ્રકોપ યથાવત

મૃતાંક વધીને ૩૭૫ : આંધ્રપ્રદેશ-તેલંગાણામાં વધુ ૩૦ના મોત થયા : મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ, તેલંગાણા, બિહાર, ઝારખંડ અને રાજસ્થાનમાં હિટવેવની સ્થિતિ યથાવત રહેવાની ચેતવણી

નવીદિલ્હી,તા. ૨૪

સમગ્ર ઉત્તર ભારતમાં કાળઝાળ ગરમીનું મોજુ ફરી વળ્યું છે. કિલર હિટવેવના કારણે મોતનો આંકડો વધીને હવે ૩૪૫થી ઉપર પહોંચી ચુક્યો છે. ગરમીના કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. હિટવેવના કારણે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. હજુ લોકોને કોઇ રાહત નહીં મળે તેવી શક્યતા દેખાઈ રહી છે. ખાનગી અને સરકારી હોસ્પિટલોમાં ગરમી સાથે સંબંધિત રોગના દર્દીઓનો ભરાવો જોવા મળી રહ્યો છે. સનસ્ટ્રોક અથવા તો લુ લાગવાના લક્ષણો સાથેના સૌથી વધુ દર્દીઓ જોવા મળી રહ્યા છે. તમામ જિલ્લાઓમાં ઇમરજન્સી મેડિકલ ટીમોને સ્ટેન્ડબાય રાખવામાં આવી છે. અધિકારીઓ દ્વારા ગરમીથી બચવા માટે પોતાના રક્ષણ માટે કોઈ સાધનના ઉપયોગ કર્યા વગર દિવસમાં ઘરની બહાર ન નિકળવાની ચેતવણી

આપવામાં આવી ચુકી છે. પ્રથમ વખત તીવ્ર ગરમીના કારણે આટલા ટૂંકાગાળામાં મોટી સંખ્યામાં લોકોના મોત થયા છે. ગરમીના કારણે મસુરી જેવા હિલસ્ટેશન ઉપર પણ તાપમાન ૪૬ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું છે. ગરમી સંબંધિત મોતનો આંકડો છેલ્લા ત્રણ દિવસના ગાળામાં જ ૩૪૫થી ઉપર પહોંચ્યો છે. તાપમાન સામાન્ય કરતા પાંચથી સાત ડિગ્રી ઉપર પહોંચ્યું છે. આંધ્રપ્રદેશ અને તેલંગાણામાં નરેગા જેવી હાલમાં ચાલી રહેલી સરકારી સ્કીમના કાર્યક્રમમાં ફેરફાર કરવાની ફરજ પડી છે. કારણ કે, સનસ્ટ્રોકના કારણે મૃત્યુ પામેલા લોકોમાં મોટાભાગના લોકો મજુરો હોવાનું જાણવા મળ્યું છે. તેલંગાણામાં હાલમાં જ ખમામમાં તાપમાન ૪૮ ડિગ્રી પહોંચ્યું હતું જે ૧૯૪૭માં ૪૭.૨ ડિગ્રીના તાપમાન કરતા પણ વધારે છે. હવામાન વિભાગે ચેતવણી આપી છે કે, ગરમીના પ્રમાણમાં હજુ વધારો થઇ શકે છે. દિલ્હીના તાપમાનમાં પણ વધારો થયો છે. હિટવેવની સ્થિતિ મધ્યપ્રદેશ, વિદર્ભ, આંધ્રપ્રદેશ, તેલંગાણા, બિહાર, ઝારખંડમાં આગામી થોડાક દિવસ સુધી જારી રહે તેવી શક્યતા છે. ભેજનું પ્રમાણ તાપમાનની સાથે વધી રહ્યું છે જે વધારે ચિંતા ઉપજાવે છે. અલ્હાબાદમાં પારો ૪૭ સુધી પહોંચી ગયો છે. જયપુરમાં પારો ૪૫થી ઉપર પહોંચ્યો છે. ભોપાલમાં પણ ૪૫થી ઉપર તાપમાન નોંધાયું છે. પહાડી અથવા તો હિલસ્ટેશનો પણ તીવ્ર ગરમીથી બચી શક્યા નથી. અલમોડા, નૈનિતાલ, સિમલામાં તાપમાન વધારે નોંધાયું છે. જેના લીધે ટ્યુરિસ્ટ અને લોકોને મુશ્કેલી નડી રહી છે. કેટલાક લોકોનું કહેવું છે કે, મસુરીમાં પણ હાલ દિલ્હી જેવું તાપમાન થયેલું છે. હલ્દવાનીમાં પારો ૪૨થી ઉપર છે. તાપમાન રાજસ્થાનના મોટાભાગના વિસ્તારોમાં ૪૫થી ઉપર છે. જયપુરના ઘણા વિસ્તારમાં પાણી પુરવઠો ઠપ થઈ ગયો છે. આંધ્ર અને તેલંગાણામાં ગરમીથી વધુ ૩૦ના મોત થયા છે જેથી બંને રાજ્યોમાં હિટવેવથી ૨૨૩ના મોત થઈ ચુક્યા છે. પારો ૪૬ની આસપાસ રહ્યો છે જ્યારે આંધ્રમાં દરિયાકાંઠાના વિસ્તારમાં પારો ૪૭ રહ્યો છે. મછલીપટ્ટનમ અને વિજયવાડામાં પારો ૪૭ ડિગ્રી નોંધાયો છે.

હરિદ્વારમાં ફાઈવ સ્ટાર હોટેલને સીલ કરી દેવાઈ

હરિદ્વાર,તા. ૨૪

ગંગા નદીને પ્રદૂષિત કરવાના મામલામાં ફાઈવ સ્ટાર હોટલ રેડિશન બ્લુને સીલ કરી દેવામાં આવી છે. ફાઈવ સ્ટાર હોટલ પર કઠોર કાર્યવાહી કરવામાં આવતા તંત્રમાં પણ ભાગદોડ મચી ગઈ છે. આ પ્રકારના પગલા અગ્રણી વાણિજ્ય પેઢી સામે પ્રથમ વખત લેવામાં આવ્યા છે. પ્રદૂષણ સાથે સંબંધિત ધારાધોરણ બદલ આ પગલા લેવામાં આવતા અન્ય હોટેલોને લઈને પણ સરકાર આક્રમક દેખાઈ રહી છે. ૧૦ દિવસ અગાઉ હોટેલને બંધ કરવા માટેના આદેશો જારી કરવામાં આવ્યા હતા પરંતુ ગઈકાલે જ તેની સામે કઠોર કાર્યવાહી કરી દેવામાં આવી હતી. શનિવારના દિવસે એસપીસીબીની ટીમે હોટેલના કિચન અને લોન્ડ્રીને સીલ કરી દેતા ફાઈવ સ્ટાર હોટલ બંધ સ્થિતિમાં મુકાઈ ગઈ છે. વિજ કનેક્શન પણ કાપી દેવામાં આવ્યું છે.